**કુંવરબાઇનું મામેરૂ સહાય યોજના અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQS)**

(૧) આ યોજનાનો લાભ કોને મળે ?
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગની પુખ્તવયની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવામાં આવે છે.

(૨) આ યોજનાનો લાભ લેવા માટે શું કરવું ?
આ યોજનાનો લાભ લેવા માટે ઈ સમાજ કલ્યાણ પોર્ટલ પર જઇને કુંવરબાઇનું મામેરૂ યોજનાનું ફોર્મ ભરવું પડે અને તેમાં જણાવેલ આધાર પુરાવા રજુ કરવાના રહે છે.

(૩) અરજી સાથે કેવા પુરાવા રજૂ કરવા પડે ?

- (૧) સક્ષમ અધિકારીશ્રીનો જાતિ-આવકના દાખલા
- (૨) બંન્નેની ઉંમર અંગેના પુરાવા
- (૩) લગ્નની કંકોત્રી
- (૪) લગ્ન રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર
- (૫) કન્યાની બેંક પાસબેકની નકલ.
- (૬) રહેઠાણ અંગેના પુરાવા

(૪) આ યોજના હેઠળ કેટલી સહાય મળે અને કોને મળે ?
આ યોજના હેઠળ લગ્ન કરનાર કન્યાને રૂ.૧૦,૦૦૦/- સહાય મળે છે.

(૫) આ યોજના હેઠળ સહાય કઇ રીતે મળે ?
DBT ( Direct Bank Transfer) દ્રારા કન્યાને સહાય સહાય ચુકવવામાં આવે છે.

(૬) કુટુંબમાં કેટલી કન્યાઓ સુધી આ લાભ મળે ?
કુંટુબની બે કન્યા સુધી લાભ મળવાપાત્ર છે.

(૭) લગ્ન થયા પછી કેટલા સમયમાં આ યોજનાનો લાભ મળી શકે ?
બે વર્ષમાં સમયમર્યાદામાં આ લાભ મળવાપાત્ર છે.

(૮) સમૂહલગ્નમાં લગ્ન થયા હોય તો લાભ મળે ?
હા, સમુહલગ્નમાં લગ્ન થયા હોય તો પણ આ યોજના હેઠળ લાભ મળી શકે.

(૯) પુન:લગ્નના કિસ્સામાં આ લાભ થાય છે ?
ના, પુન:લગ્નના કિસ્સામાં લાભ મળવાપાત્ર નથી.

(૧૦) યુવક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીનો ન હોય તો સહાય મળવાપાત્ર છે.
હા, કન્યાની જાતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અને આર્થિક પછાત વર્ગની હોવી જરૂરી છે.